
સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 42 ❖ Issue : 3 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52
Annual Subscription : ₹.300/- ❖ June-2019



ઉચ્ચ અભ્યાસ-ઈન્ટર્નશિપનાં દ્વાર ખોલતી

# ધ ગ્રેટ સ્કોલરશીપ / ફેલોશિપ

# અનુક્રમણિકા

**શિષ્યવૃત્તિ વિશેષાંક** • દિવ્યેશ વેકરિયા-યોગેશ પટેલ

## ધ ગ્રેટ સ્કોલરશીપ - ફેલોશિપ

સ્કોલરશિપ/ફેલોશિપ એ એવી સિદ્ધિ છે, જે હોંશિયાર વિદ્યાર્થીઓનું ભાવી ચોક્કસપણે ઉજ્જવળ બનાવે છે. શિક્ષણની ભાષામાં સ્કોલરશિપ એ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કે ઈન્ટર્નશિપ માટેની ગુરૂચાવી પણ ગણાય છે...

૧૮-૧૯




- **તંત્રી સ્થાનેથી...**

  સ્કોલરશિપથી હોંશિયાર વિદ્યાર્થીઓ પોતાની પાંખો વધુ ફેલાવીને વ્યાપક સ્તરે વિસ્તરી શકે છે... ૦૭
- **સંસ્થા સમાચાર**

  કુમાર છાત્રાલયનાં વિદ્યાર્થિઓ સંસ્થાના પટાંગણમાં સમૂહ પૂજામાં જોડાયા ૦૮

  કેળવણી ધામનાં ૬૮ તાલીમાર્થીઓ GPSC Class ૧/૨ની ફાઈનલ પરિક્ષામાં પાસ થયા ૦૯

  સુરતની રૂપિતાએ બાઈક રેસિંગ માટે જોબ છોડી, નેશનલ ચેમ્પિયનશિપમાં ટોપ-૫માં આવી ૧૦

  જેતપુરનાં અંકુલે ધો.૧૨ કોમર્સમાં ૯૯.૯૬ પીઆર સાથે રાજ્યમાં ચોથો ક્રમાંક મેળવ્યો ૧૧
- **લગ્ન વિષયક** ૧૨
- **શિષ્યવૃત્તિ વિશેષાંક** ૧૪

  પાટીદાર સમાજનાં વિદ્યાર્થીઓ માટે સરદારધામ શિક્ષણ સહાય નિધિ ૧૫

  ગુજરાત રાજ્ય બિન અનામત આયોગ દ્વારા શૈક્ષણિક/વિદેશ અભ્યાસ યોજના ૧૬-૧૭

  શિક્ષા સહયોગ સ્કોલરશિપ • જવાહરલાલ નેહરૂ મેમોરિયલ ફંડ સ્કોલરશિપ ૧૮-૧૯

  આગા ખાન ફાઉન્ડેશન: ઈન્ટરનેશનલ સ્કોલરશિપ પ્રોગ્રામ • ડો. કલામ ઈગ્નાઈટ એવોર્ડ ૨૦-૨૧

  ન્યુટન ભાભા પીએચડી પ્લેસમેન્ટ પ્રોગ્રામ • દિલ્હી એસેમ્બલી રીસર્ચ સેન્ટર ફેલોશિપ પ્રોગ્રામ ૨૨-૨૩

  નેશનલ પાર્લામેન્ટ્રી ફેલોશિપ પ્રોગ્રામ • કોમનવેલ્થ સ્કોલરશિપ: ન્યૂઝીલેન્ડમાં અભ્યાસ... ૨૪-૨૫

  ન્યુટન ઈન્ટરનેશનલ ફેલોશિપ • ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટી સ્કોલરશિપ ૨૬-૨૭

  સાર્ક અગ્રીકલ્ચરલ પીએચડી સ્કોલરશિપ • જાપાનીઝ ગવર્મેન્ટ સ્કોલરશિપ ૨૮-૨૯

  જે એન ટાટા ઈન્ડાઉમેન્ટ લોન સ્કોલરશિપ • યુરોપિયન ગ્લોબલ ફેલોશિપ ૩૦-૩૧

  ઈઝરાયેલ-એશિયા લીડર્સ ફેલોશિપ • હાવર્ડ એન્વાર્યમેન્ટલ ફેલોશિપ પ્રોગ્રામ ૩૨-૩૩

  હોર્નબી એજ્યુકેશનલ સ્કોલરશિપ • કોમનવેલ્થ પીએચડી સ્કોલરશિપ ૩૪-૩૫

  ધ ઈમિલે બૌટમી સ્કોલરશિપ • સ્લોવેનિયઈન ગવર્મેન્ટ બાઈલેટરલ સ્કોલરશિપ ૩૬-૩૭

  રેડબાઉડ યુનિવર્સિટી સ્કોલરશિપ • ધ નાઈટ સાયન્સ જર્નાલિઝમ ફેલોશિપ પ્રોગ્રામ ૩૮-૩૯

  ઈન્ડો-યુએસ ફેલોશિપ ફોર વૂમન • ઓક્સફર્ડ & કેમ્બ્રિજ સોસા. ઓફ ઈન્ડિયા સ્કોલરશિપ ૪૦-૪૧

  ચર્પાક માસ્ટર્સ પ્રોગ્રામ સ્કોલરશિપ • જર્નાલિઝમ વૂમન ફેલોશિપ ૪૨-૪૩

  સંસદભવનની કાર્યવાહીથી રૂબરૂ થવા માગો છો? • કોરિયન ગવર્મેન્ટ સ્કોલરશિપ પ્રોગ્રામ ૪૪-૪૫

  રામન-ચર્પાક ફેલોશિપ • ધ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ રીસર્ચ ઈનટરશિપ ૪૬-૪૭

  અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન ફેલોશિપ • સર રતન ટાટા ફેલોશિપ ૪૮-૪૯



# પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ (સોજીત્રા)
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ

**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા

Published by :
Devjibhai M. Patel
on behalf of
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888
Printed by: Kewal Offset,
F-11-38, Ravi Estate,
Nr. Torrent Power Subsation,
Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER :
SHREE SAURASHTRA PATEL
KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

**લવાજમ દર**

| વર્ષ | લવાજમ |
|---|---|
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

**અમદાવાદ**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

**અમરેલી**

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઇલ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

**સુરત**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

**નવસારી**

- શ્રી શંભુભાઈ મુળજીભાઈ કરકર ૯, અયોધ્યાનગર-૧, 'કર્મા', એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ. વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો. ૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888**

મોબાઈલ નંબર : **96621 22364, 63520 96322** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.
અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# સ્કોલરશિપથી હોંશિયાર વિદ્યાર્થીઓ પોતાની પાંખો વધુ ફેલાવીને વ્યાપક સ્તરે વિસ્તરી શકે છે...

જ્ઞાન, વિદ્યા અને શિક્ષણ - આ ત્રણેય શબ્દોનો ઉપયોગ સમયાંતરે ભિન્ન-ભિન્ન રીતે થતો રહ્યો છે. ઉપનિષદકાળમાં દરેક શબ્દની સાથે 'જ્ઞાન' શબ્દ જોડવામાં આવતો. જેમ કે, 'બ્રહ્મજ્ઞાન', 'અધ્યાત્મજ્ઞાન', 'આત્મજ્ઞાન' વગેરે. મધ્યકાલીન યુગમાં વિદ્યા શબ્દ વધુ પ્રચલિત હતો. એ સમયે રાજાઆ 'અસ્ત્રવિદ્યા', 'શસ્ત્રવિદ્યા' એમ જુદી-જુદી વિદ્યાઓને મહત્વ આપતા. તેમ છતાં અધ્યાત્મની ભૂમિકા પર 'જ્ઞાન' અને 'વિદ્યા' એ બંને શબ્દો સમાનરૂપથી વપરાતા આવ્યા છે. જે અજ્ઞાનરૂપી અંધકારમાંથી વ્યક્તિને મુક્ત કરે છે તેને 'વિદ્યા' કહે છે અને જેનાથી પોતાના સ્વરૂપની જાણકારી થાય તેને શાસ્ત્રોએ 'જ્ઞાન' કહ્યું છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ બંને શબ્દોનો ઉપયોગ સમાનરૂપથી થયેલો છે. શાસ્ત્રો, પુરાણો, પૌરાણિક કથાઓ તથા ઉપનિષદની આખ્યાયિકાઓ - એમ તમામ જગ્યાએ આ બંને શબ્દો મળી આવે છે. ઉપનિષદ્કાળમાં જ્ઞાન ગુરૂઓ દ્વારા અપાતુ અને પૌરાણિક કાળમાં વિદ્યાઓ આચાર્ય પાસેથી પ્રાપ્ત થતી હતી. એમ બંનેનો પોતાનો કાળ હતો. હવેનો યુગ છે 'શિક્ષણયુગ'. જે રીતે જ્ઞાન ગુરુ દ્વારા આપવામાં આવે છે, વિદ્યા આચાર્ય પાસેથી મળે છે તેમ શિક્ષણ એ શિક્ષક દ્વારા આપવામાં આવે છે. ઉચ્ચ અભ્યાસ એ વર્તમાન સમયનું અનિવાર્ય પાસુ છે, જે વ્યક્તિનો જીવન માર્ગ સરળ અને સફળ બનાવી શકે છે.

ઉચ્ચ અભ્યાસ થકી જ ભારતનું યુવાધન વિશ્વ ફલક પર વિસ્તરી રહ્યું છે અને દુનિયાભરની જાયન્ટ કંપનીઓમાં પોતાનું કૌવત બતાવી રહ્યું છે. હજુ પણ ભારતનો છેવાડાનો યુવાન વધુમાં વધુ શિક્ષિત બને તે હેતુથી સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓથી લઈને સરકાર દ્વારા અનેક પ્રકારની શિષ્યવૃત્તિ (સ્કોલરશિપ)ની યોજનાઓ અમલી છે, જેનો લાભ લઈને હોંશિયાર વિદ્યાર્થીઓ પોતાની પાંખો વધુ ફેલાવી શકે છે અને વ્યાપક સ્તરે વિસ્તરી શકે છે. શિક્ષણની ભાષામાં સ્કોલરશિપ એ વિદેશમાં પણ ઉચ્ચ અભ્યાસ કે ઈન્ટર્નશિપ માટેની ગુરૂચાવી ગણાય છે. એટલે જ 'પટેલ સુવાસ'નો આ અંક વિશેષ રૂપે 'શિષ્યવૃત્તિ વિશેષાંક' તરીકે તૈયાર કરાયો છે, જેમાં ભારત સહિત વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કે ઈન્ટર્નશિપનાં દ્વાર ઉઘાડતી વિવિધ જાતની સ્કોલરશિપ/ફેલોશિપ અંગેની વિસ્તૃત જાણકારી આપવાનો સાતૃત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. બે-પાંચ જરૂરિયાતમંદ વિદ્યાર્થી પણ આ માહિતીનો લાભ લઈને સ્કોલરશિપ મેળવવામાં સફળ થશે તો 'પટેલ સુવાસ'નો આ પ્રયાસ સાર્થક નિવડશે, અને એજ અપેક્ષા... **જય હિન્દ...**



# કુમાર છાત્રાલયનાં વિદ્યાર્થિઓ
# સંસ્થાના પટાંગણમાં સમૂહ પૂજામાં જોડાયા





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે ૧૯ મે, ૨૦૧૯ને રવિવારનાં રોજ સવારે ૭:૦૦ થી ૭:૩૦ દરમિયાન સ્વામિનારાયણ સંસ્થાના કુમારો દ્વારા સમૂહ પૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

છાત્રાલયનાં ખુલ્લા પટાંગણમાં યોજાયેલી આ સમૂહ પૂજા બાદ ૭:૩૦ વાગે સૌ કુમારોએ સાથે મળીને સમૂહ આરતી કરી હતી. સમૂહ પૂજાના આ ધાર્મિક કાર્યથી છાત્રાલયનું વાતાવરણ પવિત્ર અને ધાર્મિક બની ગયુ હતું.

સમૂહ પૂજા બાદ સૌએ આનંદ વ્યક્ત કર્યો હતો અને ગ્રુપ ફોટો પડાવીને છુટા પડ્યા હતા.

## સંસ્થાના વિદ્યાર્થી બ્રિજેશ માલાણીની પ્રામાણિકતા અન્ય માટે દૃષ્ટાંત રૂપ બનશે



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલયના વિદ્યાર્થી શ્રી બ્રિજેશ દ્વારકાદાસ માલાણી (ખડસલી, જિ.અમરેલી)એ પ્રમાણિકતાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

બ્રિજેશને છાત્રાલયનાં સંકુલમાંથી ગેટ પાસેથી એક પાકીટ મળી આવ્યુ હતુ, જેમાં મોટી રકમ સહીત સહી કરેલો બ્લેન્ક ચેક, પાનકાર્ડ, આધારકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ સહિતના દસ્તાવેજો હતા. જોકે બ્રિજેશે કોઈપણ જાતની લોભ-લાલચમાં ન આવીને તે પાકીટને પોતાની પાસે ન રાખતાં તેનાં મુળ માલિકને પરત પહોંચાડવાના શુભ ઉદ્દેશથી સંસ્થાની ઓફીસમાં જમા કરાવી દીધું હતું.

બ્રિજેશની આ પ્રમાણિકતા અન્ય વિદ્યાર્થીઓ માટે ચોક્કસ પ્રેરણાદાયી બની રહેશે. તેની આ પ્રમાણિકતા બદલ સંસ્થાના પ્રમુખશ્રીએ તેને અભિનંદન પાઠવ્યા હતા અને સાથે જ તે જીવનમાં પ્રગતિના પંથો સર કરતાં રહે તેવી શુભકામનાઓ પાઠવીને શુભેચ્છા રૂપે ભેટ પણ આપી હતી.

# સરદારધામ સંચાલિત કેળવણી ધામની ઝળહળતી સિદ્ધિ
# ૬૮ તાલીમાર્થીઓ GPSC Class 1/2ની ફાઈનલ પરિક્ષામાં પાસ થયા

સમસ્ત પાટીદારોની એકતાના ધામ એવા સરદારધામ સંચાલિત કેળવણીધામ, નિકોલ ખાતે રાહત દરે યુપીએસસી/જીપીએસસીની તાલીમ લઈ રહેલાં સમાજનાં ૬૮ તાલીમાર્થીઓ આ વખતે જીપીએસસી ક્લાસ-૧/૨ની પરિક્ષા પાસ કરવામાં સફળ રહ્યા છે.


કેળવણીધામમાં સમાજનાં તાલીમાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સતત તૈયાર કરવામાં આવે છે. જેથી આટલી મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ આવી મહત્વની પરિક્ષા પાસ કરવામાં સફળ રહ્યા છે, તે સંસ્થાની સિદ્ધિ જ ગણી શકાય. ઉતિર્ણ થયેલા વિદ્યાર્થીઓનું લીસ્ટ નીચે મુજબ છે, તે તમામને અભિનંદન અને સંસ્થા પણ આવા કાર્યમાં સતત પ્રગતિ કરતી રહે તેવી શુભેચ્છાઓ...

| | |
|---|---|
| 1 | Malay M. Bhuva |
| 2 | Ayushi Patel |
| 3 | Bhoomika G. Gevariya |
| 4 | Bhoomika J. Raiyani |
| 5 | Bhumika Dhirajlal Patel |
| 6 | Brijesh Dipakbhai Patel |
| 7 | Chandreshkumar Dhanjibhai Shankhala |
| 8 | Dholiya chiragkumar Bhagavanbhai |
| 9 | Dr. Disha R. Kanani |
| 10 | Gopal Manjibhai Mangukiya |
| 11 | gunjan maganbhai savaliya |
| 12 | Kalpen Hirapara |
| 13 | Kalrav Chaniyara |
| 14 | Kartik rameshbhai patoliya |
| 15 | Kathrotiya Nimesh H. |
| 16 | kishan rameshbhai rangani |
| 17 | Krupali Sureshbhai Patel |
| 18 | Krushidh D. Mangroliya |
| 19 | Amit Zadafiya |
| 20 | Mangukiya Gopal Manjibhai |
| 21 | Manisha J. Kothiya |
| 22 | Dharam A. Moradia |
| 23 | Sagarkumar K. Movaliya |
| 24 | Namrata Pravinbhai Jasoliya |
| 25 | Nirajkumar Rasikbhai Bhanderi |
| 26 | Parth sorathiya |
| 27 | Parthkumar G. Chovatiya |
| 28 | Prashant Patoliya |
| 29 | Raj R. Namera |
| 30 | Kishankumar R. Rangani |
| 31 | Rugved bhudarbhai vadhadiya |
| 32 | Shraddha savaliya |
| 33 | Uttamkumar V. Kanani |
| 34 | Vishal B. Patel |
| 35 | Vishal mavani |

| | |
|---|---|
| 36 | Jatin K. Kathiriya |
| 37 | Sagar m mangroliya |
| 38 | Jaymin M. Patel |
| 39 | Bhavesh Mangroliya |
| 40 | Kikani Prinkal Ashokbhai |
| 41 | Bhautik Pansheriya |
| 42 | Khanapara Ratnadeep gopalbhai |
| 43 | Patel Darshan kamleshbhai |
| 44 | Savaj vatsalkumar Jayantilal |
| 45 | Laxitkumar R. Bhalara |
| 46 | Kalrav Chaniyara |
| 47 | Vishal kapuriya |
| 48 | Sanket Boghara |
| 49 | Bhismang Savaliya |
| 50 | Bhumika Rajendrabhai Patel |
| 51 | Piyush L Patel |
| 52 | Dr.Viren R. Patel |
| 53 | Hiren M. Savaliya |
| 54 | Piyush M. Sayanja |
| 55 | piyush H. Radadiya |
| 56 | Foram K. Kovadia |
| 57 | Hardik G. Davra |
| 58 | Shailesh m. Dobariya |
| 59 | Prakash D. Ambaliya |
| 60 | Rohit D. Aghara |
| 61 | Jabukaben A. Kotadiya |
| 62 | Chirag G. Vaddoriya |
| 63 | Mahesh P. Virani |
| 64 | Kalpesh D. Busa |
| 65 | Bhargav G. Patel |
| 66 | Rajesh Patel |
| 67 | Savan P. Sarvadiya |
| 68 | Deep Patel |

# સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની સુરતની રૂષિતા ભાલાળાએ બાઈક રેસિંગ માટે જોબ છોડી, નેશનલ ચેમ્પિયનશિપમાં ટોપ-પમાં આવી

સુરતની રૂષિતા ભાલાળાએ બાઈક રાઈડીંગ ક્ષેત્રે મહિલાઓનું મસ્તક ગૌરવભેર ઉન્નત કર્યું છે. કારણ કે, રૂષિતા નેશનલ લેવલની બાઈક રેસીંગમાં પસંદગી પામી છે. ચેન્નાઈ ખાતે યોજાયેલ નેશનલ ચેમ્પિયનશિપનાં બીજા રાઉન્ડમાં રૂષિતાએ ૩.૭૫ કિલોમીટરનું અંતર માત્ર ૨.૩૦ સેકન્ડમાં જ કાપ્યુ હતું અને ૩૫ મહિલા સ્પર્ધકમાંથી પાંચમો ક્રમાંક મેળવ્યો હતો. આ ચેમ્પિયનશિપમાં ભાગ લેનાર તે પ્રથમ મહિલા ગુજરાતી બાઈક રાઈડર બની છે.




બાઈકિંગ એ ઋષિતાનો પ્રથમ પ્રેમ છે. તેની પાસે ટીવીએસ અપાચે ઈઈ૩૧૦ તથા આરટીઆર ૨૦૦ એમ બે બાઈક્સ છે, અને તે આ જ બાઈક્સ પર રાઈડિંગ કરે છે.

ઋષિતા અત્યાર સુધી ચારથી વધુ રોડ ટ્રીપ કરી ચૂકી છે. જેમાંથી સુરતથી કચ્છ અને સુરતથી મુંબઈની ટ્રીપ તેણે સોલો કરી હતી. તે ઓફ રોડ બાઈકીંગ પણ કરી ચૂકી છે. ઋષિતાને બાઈકિંગ એટલું ગમે છે કે, બાઈકિંગ માટે તે પોતાની સારી નોકરી પણ છોડી ચૂકી છે.

૧૯ વર્ષની વયેથી રૂષિતાને બાઈક ચલાવવાનો શોખ જાગ્યો હતો. બેચલર ડીગ્રી પછી તેણે એમબીએની ડીગ્રી પણ મેળવી છે. શરૂઆતમાં તે ફ્રેન્ડ્ઝના બાઈક ચલાવતી, જોકે જોબ કર્યા બાદ તેણે પોતાના બાઈક વસાવ્યા હતા. ઋષિતા સુરત બાઈકિંગ કમ્યુનિટીની એકમાત્ર મહિલા સભ્ય છે. જે કમ્યુનિટી સાથે મહિનામાં બે વખત બાઈક રાઈડ પર જાય છે. તે લેવલ-૧ સર્ટિફાઈડ રેસર છે. બાઈક રાઈડીંગમાં સ્પીડ પણ તેને ગમે છે અને તે સૌથી વધુ ૧૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બાઈક ચલાવી ચૂકી છે.

ઋષિતાના મતે, અનેક મહિલાઓ તેને બાઈક ચલાવતી જોઈને ગર્વ અનુભવે છે અને અન્ય ગર્લ્સ પણ બાઈક રાઈડ કરવા પ્રેરાય છે.

તેના આ શોખથી શરૂઆતમાં નારાજ પરિવાર પણ હવે રૂષિતાને આગળ વધવા સપોર્ટ કરી રહ્યો છે.

# સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનાં યુવક-યુવતિઓ માટે પસંદગી મેળાનું આયોજન

અમદાવાદમાં છેલ્લા ૨૮ વર્ષથી અનોખા સેવા કાર્ય અને સંગઠન માટે કાર્યરત સૌરાષ્ટ્ર પટેલ સમાજ નવરંગપુરા દ્વારા આગામી જૂલાઈ માસમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનાં ૨૩ થી ૪૦ વર્ષના ગ્રેજ્યુએટ (સ્નાતક) યુવક-યુવતિઓ માટે અમદાવાદ ખાતે પસંદગી મેળાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આજે દરેક સમાજમાં દિકરા-દિકરીની વૈવિશાળની સમસ્યા વધુ વિકરાળ થતી જાય છે. તે સ્થિતીમાં આ પ્રકારના પસંદગી મેળા દ્વારા સમાજને ફાયદો થાય છે. છેલ્લા ૨૦ વર્ષમાં આ ૧૨મો પસંદગી સમારંભ યોજાઈ રહ્યો છે.

આ મેળામાં ભાગ લેવા માટેના નિયત ફોર્મ ગુજરાતભરની સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની સંસ્થાઓમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત યુવક-યુવતિ પોતાનો બાયોડેટા loksevatrust2004@gmail.com ઉપર મોકલી આપવા સમાજના મંત્રી શ્રી ભીમજીભાઈ નાકરાણીએ જણાવ્યું છે.

# સંસ્થામાં રહી અભ્યાસ કરતાં જેતપુરનાં અંકુલ વસોયાએ ધો.૧૨ કોમર્સમાં ૯૯.૯૬ PR સાથે રાજ્યમાં ચોથો ક્રમાંક મેળવ્યો



મુળ જેતપુર નિવાસી અને અમદાવાદ ખાતે રહીને નવકાર સ્કૂલમાં અભ્યાસ કરતાં અંકુલ તુલીતભાઈ વસોયાએ હાલમાં જ જાહેર થયેલા ધોરણ ૧૨ કોમર્સની પરીક્ષામાં ૯૯.૯૬ પર્સન્ટાઈલ રેન્ક (પીઆર) સાથે ઉતિર્ણ થઈને સમગ્ર રાજ્યમાં ચોથો નંબર મેળવીને સમાજનું ગૌરવ વધાર્યું છે.

અભ્યાસમાં અંકુલની સિદ્ધી એ છે કે, તેને પોતાના પિતા તુલીતભાઈની છત્રછાયા ગુમાવ્યા પછી પણ હિમ્મત હાર્યા વગર માતા ઈન્દુબેનનાં સહકારથી હંમેશા અભ્યાસ પર પુરતુ ધ્યાન કેન્દ્રીત કર્યુ અને દરેક વખતે અવ્વલ નંબર મેળવતો રહ્યો. ધોરણ ૧૨ કોમર્સની પરીક્ષા અંકુલ ૯૯.૯૬ પીઆર સાથે પાસ થતાં સમગ્ર પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.

અંકુલને સંપૂર્ણ વિશ્વાસ હતો કે આ પરિક્ષામાં તે ૯૯ પીઆરથી ઉપર જ પરિણામ મેળવશે. પરિણામ બાદથી જ તેણે સીપીટીનાં ક્લાસિસ શરૂ કરી દીધા છે, જેથી તે પોતાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સીએ)ના લક્ષ્ય તરફ આગળ વધી શકે. સીએ બનવાનો અંકુલે દૃઢ નિશ્ચય કર્યો છે. અંકુલ તેનાં લક્ષ્યને પામી શકે તેવી શુભેચ્છાઓ સહ અભિનંદન...

---


એકવાર અવશ્ય મુલાકાત લો

LITTLE SMILE
Dental Clinic For Children
Treating kids with Tender Loving Care...

ડૉ. જલાર્ક ચીમનભાઈ પટેલ MDS
બાળકોનાં દાંતનાં નિષ્ણાંત સર્જન
મો.: ૯૯૭૪૧૩૨૬૪૬
લીટલ સ્માઈલ ડેન્ટલ ક્લિનિક
(બાળકોનાં દાંતની સંપૂર્ણ સારવાર)


Dr. Jalark Patel MDS

આગળ પડતા તથા વાંકાચૂકા દાંતને સીધા કરવા માટેની ઓર્થોડોન્ટીક સારવાર

* બાળકોના દાંતનાં સડાની વિવિધ સારવાર જેમ કે
* ટોપીકલ ફ્લોરાઈડ એપ્લીકેશન • પીટ્સ અને ફીશર સીલાન્ટ્સ • દુધીયા દાંતની નસની સારવાર (પલ્પેક્ટોમી / પલ્પોટોમી) • પાકા દાંતની સારવાર (RCT) બાળકોના દાંતનાં ઈમ્પોર્ટેડ કોમ્પોઝીટ સ્ટ્રીપ કેપ (આગળના દાંત માટે) તથા સ્ટેનલેસ સ્ટીલ કેપ (પાછળના દાંત માટે)
* સ્માઈલ ડીઝાઈનીંગ
* આગળના તૂટેલા દાંતને સંપૂર્ણપણે સાજા કરવાની વિવિધ સારવાર (સ્પ્લીન્ટ થેરાપી, પોસ્ટ એન્ડ કોર થેરાપી)
* પાકાં દાંતને વ્યવસ્થિત રીતે ઉગવા માટે અપાતા સ્પેસ મેઈન્ટેનર્સની સુવિધા
* સ્પેશ્યલ બાળકો જેમ કે મંદબુધ્ધિ ધરાવતાં, શારીરિક ખોડખાંપણ, સાધ્ય અથવા અસાધ્ય રોગથી પીડાતા બાળકોનાં દાંતની સંપૂર્ણ સારવાર (Tender Loving Care)
* શીશી સુંઘાડીને (General Anesthesia) બાળકોના દાંતની સંપૂર્ણ સારવાર
* કોઈપણ પ્રકારનાં દૂધિયા કે પાકાં દાંતની સાથે સંકળાયેલી ગાંઠને દૂર કરવાની સારવાર

સ્થળ : ૧૦૧, દેવરાજ મોલ, એસ.બી.આઈ. બેન્ક ઉપર, હવેલી પાસે, ઈન્ડિયા કોલોની રોડ, ઠક્કરનગર, અમદાવાદ-૩૮૨૩૫૦. મો.: ૯૯૭૪૧૩૨૬૪૬
Monday to Saturday: 5.00 pm to 8.00 pm Sunday: 9.00 am to 12.00 pm
Email : jalarkpatel@ymail.com

# લગ્ન વિષયક



નામ : પટેલ પાર્થ શૈલેષભાઈ
સરનામું : બી-૧૦૫, શક્તિ ટેનામેન્ટ, મોની હોટલ સામે, ઈસનપુર, અમદાવાદ-382 443
ફોન : (ઘર)
મોબાઈલ : 90332 22042
ઈ-મેઈલ : paarth094@gmail.com
જન્મ તા. : 24-8-90 ઉંચાઈ : 5'9" વજન : 68 kg.
અભ્યાસ : Diloma in Electronics & Communications
મૂળ વતન : ગામ-મિરોલી, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ
મોસાળ : પટેલ, ગામ-કુબડથલ, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ
પસંદગી : Housewife, Job
નોકરી/ધંધો : Business



નામ : રામાણી કિંજલ વિનુભાઈ
સરનામું : બી-૩૮, શ્રીધર બંગ્લોઝ, આદિત્ય કોમ્પલેક્ષ સામે, આયુષ ટેનામેન્ટ પાસે, જીવન ટ્વીન રોડ, નિકોલ, અમદાવાદ-380 049
ફોન : (ઘર)
મોબાઈલ : 99790 01550
ઈ-મેઈલ :
જન્મ તા. : 19-1-89 ઉંચાઈ : 5'1" વજન : 44 kg.
અભ્યાસ : P.T.C., B.A., M.A.
મૂળ વતન : ગામ-પુજાપાદર, તા.મોટા લીલીયા, જિ.અમરેલી
મોસાળ : રાજપરા, ગામ-ઢસા, તા.ગઢડા, જિ.ભાવનગર
પસંદગી : બિઝનેસ, કુવારા - છુટાછેડા વિવાહિત સ્થિતિ : છુટાછેડા
નોકરી/ધંધો :



નામ : કોટડિયા જવનીકા જયસુખભાઈ
સરનામું : ૩૯, શ્રી નિકેતન સોસાયટી, બડા ગણેશ મંદિરની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત-4,
ફોન : (ઘર)
મોબાઈલ : 98251 29384
ઈ-મેઈલ : joybuild@yahoo.co.in
જન્મ તા. : 22-1-93 ઉંચાઈ : 5'4" વજન : 54 kg.
અભ્યાસ : એમ.ડી.એસ. (પીડો ડોન્ટીસ્ટ)
મૂળ વતન : ગામ-કુબડા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : ઠુમર, ગામ-ડેરી પીપરિયા, તા.બગસરા, જિ.અમરેલી
પસંદગી : પોસ્ટ ગ્રેજ્યુએશન (મેડીકલ)
નોકરી/ધંધો : જૂન-૨૦૧૯માં પુરૂ થશે



નામ : પટેલ (માલાણી) સ્વપ્નીલ રાજેશકુમાર
સરનામું : ૧૮, ગોપાલચરણ બંગ્લોઝ, અર્પણ સ્કૂલની બાજુમાં, નિરાંત ચાર રસ્તા, વસ્ત્રાલ, અમદાવાદ-382 418.
ફોન : (ઘર)
મોબાઈલ : 94284 14147
ઈ-મેઈલ :
જન્મ તા. : 26-12-95 ઉંચાઈ : 5'10" વજન : 65 kg.
અભ્યાસ : B.E. (Mechanical), Designing, M.B.A.
મૂળ વતન : ગામ-ભેંસાણ, તા.લીલીયા, જિ.અમરેલી
મોસાળ : અકબરી, ગામ-ઢસા, તા.બોટાદ, જિ.બોટાદ
પસંદગી : સાયન્સને લગતું ગ્રેજ્યુએશન (B.Sc., Eng., B.Pharm.)
નોકરી/ધંધો : Growth Corporation

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.


# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

## કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત

# છઠ્ઠો રમતોત્સવ

**છઠ્ઠા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન**

**મુખ્ય સ્પોન્સર**

**વીર સાવરકર મોર્નીંગ ગૃપ, બાપુનગર**

શ્રી દિલીપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા, શ્રી બાબુભાઈ વોરા, શ્રી નરેશભાઈ જોગાણી, શ્રી ભરતભાઈ ભુવા, શ્રી એન. કે. પટેલ (મામલતદાર), શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર), શ્રી ભૂપતભાઈ ભાલાળા, શ્રી મુકેશભાઈ વેકરિયા અને ગૃપ મેમ્બર્સ

**ડ્રેસ સ્પોન્સર**

શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા

KAKA® PVC PROFILE
"Smart People, Smart Choice"
KAKA PVC PROFILE PVT. LTD.

**મેડલ સ્પોન્સર**

રમેશભાઈ કાનાણી - દિક્ષીત કાનાણી
મેહુલ કાનાણી - જયરાજ કાનાણી

D. KANANI GROUP
D KANANI GROUP, AHMEDABAD

**કો-સ્પોન્સર**

ARYA FINANCIAL SERVICES
Aarya Group
*Home Loan, Mortgage Loan, Machinary Loan, Project Loan, OD/CC Loan*
436-440, Royal Arcade, Sarthana Jakat Naka, Varachha Road, Surat. Mo. 98795 31183

**છઠ્ઠા રમતોત્સવને કાર્યશીલ કરવા, પ્રારંભિક બળ પુરૂ પાડવા તથા અમૂલ્ય યોગદાન આપવા બદલ સંસ્થા ઉપરોક્ત સ્પોન્સર્સને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.**

**તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.**

સ્થાપના તારીખ :- ૦૪/૧૧/૨૦૧૦ પબ્લિક ટ્રસ્ટ રજી. નંબર : ઈ/૧૯૩૯૫ અમદાવાદ



સ્વ. સવિતાબેન

# આર.પી.વસાણી ફાઉન્ડેશન

એ/૬, શબરી કુટીર બંગલોઝ, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦ ૦૫૨ (ફોન : ૯૮૨૫૦૬૪૩૪૪ )



સ્વ. માતૃશ્રી રળિયાતબા

## આર્થિક રીતે નબળા અને અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી શૈક્ષણિક પ્રોત્સાહન શિષ્યવૃતી યોજના હેઠળની રકમ મેળવવા માટે અરજી કરવાની "જાહેર ખબર" સને ૨૦૧૯-૨૦

"આર.પી.વસાણી ફાઊન્ડેશન" દ્વારા દર વર્ષે "અમરેલી જીલ્લાના મૂળ વતની એવા લેઉવા પટેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમજ સૌરાષ્ટ્રના કોઈપણ જીલ્લામાંથી આવી અમદાવાદની સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળની કુમાર તથા કન્યા છાત્રાલયમાં રહેતા હોય તેવા વિદ્યાર્થી ભાઈ બહેનોને જ" ભારતની કોઈપણ સરકાર માન્ય કોલેજમાં અલગ અલગ અભ્યાસક્રમો માટે શિષ્યવૃતી યોજના હેઠળ "શિષ્યવૃતી" આપવામાં આવે છે.

| ક્રમ | અભ્યાસ ક્રમ | પરીક્ષાના પરિણામના ટકા | છેલ્લી વાર્ષિક કે સેમેસ્ટરના પરીણામના ટકા | કોણ અરજી કરી શકે |
|---|---|---|---|---|
| ૧ | એમ.બી.બી.એસ. બી.ડી.એસ., બી.ઈ., બી.ટેક. | ધો.૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષામાં ૮૦% કે તેથી વધુ મેરીટ માર્કસના આધારે | છેલ્લી વાર્ષિક કે સેમેસ્ટર પરીક્ષામાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ. | વિદ્યાર્થી ભાઈ કે બહેન |
| ૨ | સી.એ. સી.એસ | ધો.૧૨ ની વાર્ષિક પરીક્ષામાં (ગુણ) ૮૦% કે તેથી વધુ ગુણ મેળવેલ. | છેલ્લી વાર્ષિક કે સેમેસ્ટર પરીક્ષામાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ. | વિદ્યાર્થી ભાઈ કે બહેન |
| ૩ | બી ફાર્મ, નર્સિંગ | ધો.૧૨ સાયન્સની બોર્ડની પરીક્ષામાં ૮૦% કે તેથી વધુ મેરીટ માર્કસના આધારે | છેલ્લી વાર્ષિક કે સેમેસ્ટર પરીક્ષામાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ. | ફકત વિદ્યાર્થીની બહેનો જ |

જે વિદ્યાર્થીની આર્થિક સ્થિતી નબળી હોય તેમજ અન્ય કોઈ ટ્રસ્ટમાંથી સહાય ન મેળવી હોય અને માતા-પિતા અગર તો પિતાની છત્રછાયા ગુમાવેલ હોય તેમજ ધો-૧૨ સાયન્સમાં ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીએ માતા કે પિતાનો મરણનો દાખલો આ ફોર્મ સાથે સામેલ કરેલ હશે તેમને મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવશે.

મે. ટ્રસ્ટી
શ્રી રવજીભાઈ પી. વસાણી
**આર.પી.વસાણી ફાઊન્ડેશન**

**• સુચના •**

**ચાલુ શૈક્ષણીક વર્ષ ૨૦૧૯-૨૦ માટેના અરજી પત્રકો તા.૦૧/૦૭/૨૦૧૯ થી ટ્રસ્ટની રજી. ઓફીસ માંથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જરુરી પુરાવા સાથે તા. ૩૦/૦૮/૨૦૧૯ સુધીમાં ભરી દેવા.**

**નોંધ :-**આર.પી.વસાણી ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીઓ ભલામણ કમીટીના તમામ સદસ્યશ્રીઓ, તેમજ પટેલ સમાજની સંસ્થાઓના અગ્રણીશ્રીઆએ ફોર્મમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરી ખરેખર જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓ શિષ્યવૃતી સહાયથી વંચિત ન રહી જાય તે ધ્યાને લઈ ભલામણ કરવા વિનંતી સહ. જે વિધાર્થીઓએ વર્ષ ૨૦૧૯-૨૦ માં અન્ય ટ્રસ્ટમાંથી સહાય મેળવેલ હોય તેમણે અન્ય વિધાર્થીઓ આ શિષ્યવૃતીથી વંચીત ન રહી જાય તે હેતુથી ફોર્મ ફરી વખત ન ભરવા વિનંતી.